RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 22 * Date: 11.11.2024,Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-


# શાહ : ઉદ્ધવ રામ મંદિરના વિરોધીઓની સાથે છે



ગૃહમંત્રી અમિત શાહે રવિવારે મહારાષ્ટ્રના મુંબઈ, જલગાંવ અને બુલઢાણામાં ચૂંટણી રેલીઓને સંબોધી હતી. તેમણે કહ્યું કે મહાવિકાસ અઘાડી મહારાષ્ટ્રમાં તુષ્ટિકરણની રાજનીતિ કરી રહી છે.તેમણે કહ્યું કે એમવીએની તમામ યોજનાઓ મહારાષ્ટ્રની વિચારધારાનું અપમાન કરે છે. આ યોજનાઓ દર્શાવે છે કે સ્ફ્છ કોઈપણ રીતે સત્તા મેળવવા માગે છે, ભલે તેનો અર્થ રાજ્યની સંસ્કૃતિ સાથે દગો કરવાનો હોય.શાહે પૂછ્યું કે શું ઉદ્ધવ ઠાકરે રાહુલ ગાંધી અને કોંગ્રેસના નેતાઓ પાસેથી વીર સાવરકર અને બાળાસાહેબ માટે બે સારા શબ્દો બોલાવી શકે છે? તેઓ બોલશે નહીં. આ અઘાડી ગઠબંધન આંતરિક વિરોધાભાસથી ઘેરાયેલું છે.

૧. મુખ્યમંત્રીનો ચહેરોઃ શાહે કહ્યું, "ભાજપ, એનસીપી, અજિત પવાર અને એકનાથ શિંદેના શિવસેના ગઠબંધનએ પોતપોતાના મેનિફેસ્ટો બહાર પાડ્યા છે. હાલમાં, અમારા મુખ્યમંત્રી એકનાથ શિંદે છે. ચૂંટણી પછી ત્રણેય ગઠબંધન ભાગીદારો એક બેઠક કરી મુખ્યમંત્રી અંગે નિર્ણય લેશે."

૨. મહારાષ્ટ્ર પુનરુત્થાનઃ અમિત શાહે કહ્યું, "મહારાષ્ટ્ર અનેક યુગોથી દરેક ક્ષેત્રમાં દેશનું નેતૃત્વ કરી રહ્યું છે. ભક્તિ આંદોલનની શરૂઆત પણ મહારાષ્ટ્રથી થઈ હતી. શિવાજીએ પણ અહીંથી ગુલામીમાંથી આઝાદીની ચળવળ શરૂ કરી હતી. અહીંથી સામાજિક ક્રાંતિની શરૂઆત થઈ હતી. અહીંથી જ મહાયુતિએ ખેડૂતોનું સન્માન કરવા, મહિલાઓનું સ્વાભિમાન વધારવા અને મહારાષ્ટ્રના લોકોના વારસાને પુનર્જીવિત કરવાનો ઠરાવ લીધો છે.

૩. કાશ્મીર ચૂંટણીઃ શાહે કહ્યું- આજે હું આંબેડકરજીની ધરતી પર ઉભો છું. આઝાદી પછી પહેલીવાર મુખ્યમંત્રીએ જમ્મુ-કાશ્મીરની ધરતી પર ભારતના બંધારણ હેઠળ શપથ લીધા છે. કલમ ૩૭૦ હટાવ્યા બાદ આ ચૂંટણી થઈ હતી. દેશને આનો ગર્વ છે.

૪. રાહુલ ગાંધી અને સાવરકરઃ ગૃહમંત્રીએ કહ્યું કે હું મહારાષ્ટ્રના લોકોને સતત ત્રીજી વખત મહાયુતિ સરકારને તેમનો જનાદેશ આપવાનું કહું છું. શું કોઈ કોંગ્રેસી નેતા વીર સાવરકરનું નામ લઈ શકે? શું કોઈ નેતા બાળાસાહેબના વખાણ કરી શકે? રાહુલ ગાંધીએ વીર સાવરકર માટે બે સારા શબ્દો બોલીને બતાવે.

૫. કોંગ્રેસના વચનોઃ શાહે કહ્યું, હું કહું છું કે જો કોંગ્રેસ વચનો આપે છે તો તે સમજી વિચારીને કરવા જોઈએ, કારણ કે તેઓ વચનો પૂરા કરતા નથી અને મારે જવાબ આપવો પડે છે. તેલંગાણા, હિમાચલ આના ઉદાહરણો છે. તેમના વચનોની વિશ્વસનીયતા પાતાળની નીચે જતી રહી છે.

૬. અનામતની ઉલેમાની માગઃ ગૃહમંત્રીએ કહ્યું, "ઉલેમાઓએ કોંગ્રેસ પાસે માગ કરી છે કે લઘુમતીઓને અનામત આપવી જોઈએ અને કોંગ્રેસના નેતા નાના પટોલેએ તેને મંજૂરી આપી છે. શું તમે કોંગ્રેસના ઈરાદા સાથે સંમત છો? તમે તે વાત સાથે સંમત છો. દલિતો અને આદિવાસીઓને ૧૦% અનામતની માગને આધારે પછાત વર્ગો અને જીઝ-જી્ માટે અનામત આપવામાં આવતી નથી. અને અન્ય પછાત વર્ગોના અધિકારોમાં ઘટાડો કરશે.

૭. ઉદ્ધવ ઠાકરેનું સ્ટેન્ડઃ તેમણે કહ્યું, "હું ઉદ્ધવ ઠાકરેને પણ કંઈક યાદ કરાવવા આવ્યો છું. તમે ક્યાં બેસશો તે તમારે નક્કી કરવાનું છે. તમે જ્યાં બેઠા છો તે જગ્યા ૩૭૦ હટાવવાનો વિરોધ કરનારાઓની છે. તમે રામજન્મભૂમિના વિરોધીઓની સાથે છો.

૮. વકફ બિલઃ તેમણે કહ્યું, "મોદીજી વકફ બોર્ડમાં સુધારા માટે એક બિલ લાવ્યા છે. તેનું પરિણામ જુઓ. કર્ણાટકના દરેક ગામમાં મંદિરો, ખેતરો, જમીનો, ઘરોને વકફ મિલકત તરીકે જાહેર કરવામાં આવ્યા છે. તેથી જ અમે વક્ફ બિલ લાવીએ છીએ." અમે મહારાષ્ટ્રને ચેતવણી આપવા માગીએ છીએ કે જો કોંગ્રેસ અને તેનું ગઠબંધન આવશે, તો વક્ફ તમારી મિલકતોને પોતાની તરીકે જાહેર કરશે."

મહારાષ્ટ્ર ચૂંટણી માટે ભાજપે મેનિફેસ્ટો બહાર પાડ્યો મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે ભાજપે રવિવારે તેનો ઢંઢેરો બહાર પાડ્યો. અમિત શાહે મેનિફેસ્ટો જાહેર કર્યો. ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે અમે ૨૫ લાખ નોકરીઓ, મહારાષ્ટ્રનો સંપૂર્ણ વિકાસ, ખેડૂતો માટે ભાવાંતર યોજના, લોન માફી, કૌશલ્ય કેન્દ્રો અને મહિલાઓને ૨૧૦૦ રૂપિયા આપવાનો સંકલ્પ કર્યો છે.




## તંત્રી સ્થાનેથી..

# કરન્સી ડેરિવેટિવ્ઝના ટ્રેડિંગ વોલ્યુમમાં ૯૬ ટકાનું ગાબડું

ભારતીય કરન્સી ડેરિવેટીઝ માર્કેટ મૃત્યુશૈયાએ પહોંચી ગયું છે. છ મહિનામાં જ કરન્સી માર્કેટના એફ એન્ડ ઓ ટ્રેડિંગ વોલ્યુમમાં ૯૬ ટકાનો તીવ્ર ઘટાડો નોંધાયો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ સટ્ટાકીય ટ્રેડિંગને કાબૂમાં લેવા માટે આકરા પગલાં લેતા મોટાભાગના ટ્રેડર્સ ઓફશોર એક્સચેન્જ તરફ વળ્યા છે.ઓક્ટોબરમાં, નેશનલ સ્ટોક એક્સચેન્જ પર કરન્સી ફ્યુચર્સ અને ઓપ્શન્સનું સરેરાશ દૈનિક ટર્નઓવર માર્ચમાં રૂ. ૧.૫૬ લાખ કરોડથી ઘટીને માત્ર રૂ. ૬૯૦૩.૬૧ કરોડ રહ્યું છે. નવેમ્બરમાં તો ટર્નઓવરનો આ આંકડો અત્યાર સુધી રૂ. ૩૫૭૦.૨૬ કરોડ પ્રતિ દિનના તળિયે પહોંચી ગયું છે.માત્ર નેશનલ સ્ટોક એક્સચેન્જ પર જ નહિ, બીએસઈ ખાતે વધુ તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો. ત્યાં સરેરાશ દૈનિક વોલ્યુમમાં લગભગ ૯૯ ટકાનો ઘટાડો થયો છે. માર્ચના રૂ. ૬૧૬૧.૬૫ કરોડની સામે ઓક્ટોબરમાં માત્ર રૂ. ૬૮.૮૮ કરોડનું જ કરન્સી માર્કેટ વોલ્યુમ જોવા મળ્યું હતુ. આ મહિને અત્યાર સુધીમાં બીએસઈના કરન્સી ડેરિવેટિવ્ઝમાં ઝીરો વોલ્યુમ જોવા મળ્યું છે.જાન્યુઆરીમાં રિઝર્વ બેં ઓફ ઈન્ડિયાએ તમામ રૂપિયા-આધારિત કરન્સી કોન્ટ્રાકટો માન્ય અને અનહેજડ અન્ડરલાઈંગ એક્સપોઝર હેઠળના જ હોવા જોઈએ. ટ્રેડરોએ પુરાવા રજૂ કર્યા વિના જ ૧૦ કરોડ ડોલર સુધીની પોઝિશન લઈ શકે છે, તેમ છતાં તેઓએ એક્સપોઝર હોવાની જાણ કરવી ફરજિયાત છે. આ આકરા નિયમન મે મહિનાથી લાગુ થયું છે. રૂપિયા આધારિય કરન્સી કોન્ટ્રાકટો વૈદ્ય હોય અને કોઈ જ ગેરન્ટી સાથેના જ હોવા પાછળના નિયમનો આરબીઆઈનો હેતુ સટ્ટાકીય વેપારને રોકવાનો હતો.

# સાસણની લાયોનેસ લાડીને લિલિયાના લાયન લાડાને ત્યાં પારણું બંધાવ્યું

રાજુ રદી મારા ઘરમાં ફ્રન્ટિયર મેઈલની સ્પીડમાં એન્ટર થયો.કાજુકતરીનું બોકસ ખોલી બે કાજુકતરી રાજુ રદીએ તેનામોંમાં ઠુંસી દીધી . મને અડધી કાજુકતરી આપી.

" ગિરધરભાઇ ,અભિનંદન !! મોં મીઠું કરો!!" રાજુએ હરખભેર મને કહ્યું.

"રાજુ. શેના અભિનંદન?? વીંગ કમાન્ડરને પ્રમોશન મળ્યું તેના?" મેં રાજુને પૂછયું.

" ના" રાજુએ નકારમાં દસશેરિયો હલાવ્યો.

"સર્વેમાં સાહેબ વિશ્વમાં સર્વાધિક લોક પ્રિય નેતા બન્યા તેના અભિનંદન આપે છે?"

"ના. હા. ના" રાજુ ટુ બી ઓર નોટ ટુ બીમાં ઉલ્ઝાયો!!

" ગિરધરભાઇ . એવા સમાચાર છે કે તમે ખુશીથી ઝૂમી ઉઠશો." રાજુંએ રહસ્ય ઘેરું કર્યું

"રાજુ. વાતમાં મોણ નાંખ્યા સિવાય ભસી મરને" હું અકળાઇ ઊઠ્યો.

" ગિરધરભાઇ. તમે મામા થઇ ગયા!"

" રાજુ મારી કોઇ બેને ત્યાં બાળક જન્મયું નથી.

" ગિરધરભાઇ . તમે જુનાગઢના જ ને?" રાજુએ જાળ બિછાવી.

" રાજુ. હું સોરઠનો છું તેનું મને ગૌરવ છે. તેનું શું છે?"મેં પૂછયું

"જૂનાગઢના શકરબાગમાં સાસણની સિંહણ અને લીલીયાના સિંહની નજર અને જીગર મળી ગયેલા. લાયન અને લાયોનેસને ત્યાં પ્રથમ કબ - બચ્ચું જન્મ્યું છે!! તમે મામા થયા કે નહીં??"રાજુએ મને ડાલામથ્થાનો મામો બનાવ્યો! લાકડે માંકડું વળગાડ્યુ.

" ઓહ,નો .રાજુ. તુ? મારી નસો ખેંચવાનું ક્યારે બંધ કરીશ??"મેં નારાજગી જાહેર કરી.

"ગિરધરભાઇ . સિંહ પેન્થેરા લીઓ બિલાડી જાતિ નું એક પ્રાણી છે. જો કે બ્લાડીને વાઘની માશી કહે છે, પરંતું, સિંહની માશી કહેતા નથી, એ અલગ વાત છે. !!પેટા સહારન આફ્રિકાના ઘાસના મેદાનો, ઝાડી અને ખુલ્લા ,મેદાનમાં રહેતા સિંહ એ વિશ્વની બીજી સૌથી મોટી બિલાડી છે. તે વાઘ કરતા થોડું નાનું જાનવર છે, જે બને પ્રજાતિ નજીકથી સંબંધિત છે અને તેના શરીરના પ્રકાર પણ ખૂબ સમાન છે.અન્ય બિલાડીઓથી વિપરીત, સિંહો ખૂબ સામાજિક પ્રાણીઓ છે. તેઓ લગભગ ૩૦ સિંહોની આસપાસ ની સંખ્યા ના જૂથોમાં રહે છે, જેને પ્રાઇડ કહેવામાં આવે છે. પ્રાઇડમાં ત્રણ પુરુષો, ૧૦ થી વધુ સંબંધિત માદાઓ અને તેમના બચ્ચા હોય છે. પ્રાઇડનું કદ ખોરાક અને પાણીની ઉપલબ્ધતા દ્વારા નક્કી થાય છે. જો સંસાધનોની અછત હોય, તો પ્રાઇડ માં સિંહો ની સંખ્યા ઓછી હોય છે. પ્રાઇડના સભ્યો ગર્જના કરીને એક બીજાનો ખ્યાલ રાખે છે. નર અને માદા બંનેમાં ખૂબ શક્તિશાળી ગર્જના કરી શકે છે જે ૮ કિમી કે ૫ માઇલ સુધી આસાની થી સાંભળી શકાય છે. સિંહ ની ગર્જના પ્રાણીઓ માં સૌથી મોટી ગર્જના હોય છે. સિંહ પછી વાઘ ની ગર્જના લમ્બા અંતર સુધી સાંભળી શકાય છે. "રાજુએ કહ્યું.

" રાજુ . જે સિંહણે બચ્ચાને જન્મ આપ્યો તેણીએ બેબી બમ્પ સાથે રેમ્પ પર લાયોનેસ વોક કરેલ કે કેમ?" મેં રાજુને પૂછયું!!

" ગિરધરભાઇ.સિંહણની ગોદ ભરાઇ કે સીમંતની વિધિ કરી હતી કે કેમ? સિંહણની પહેલી પ્રસુતિ પિયર સાસણમાં કરેલી કે સાસરા લિલિયા ખાતે થયેલ હતી? સિંહણની પ્રસુતિ નોર્મલ, ફોરસેપ કે સિઝેરિયનથી થયેલી? કબ પ્રિમેચ્યોર જન્મેલ ? ઈનકયુબેટર - કાચની પેટીમાં રાખેલ?" રાજુએ પ્રશ્નોની ઝડી વરસાવી.

"રાજુ. સિંહણ જૂનાગઢના સકકરબાગમાં રહે છે. બધા સવાલ સિંહણ કે આરએફઓને પૂછી આવ. ઓળીઝોળીને પિપળપાન સિંહબાળના નામ શું રાખ્યા તે પણ જાણતો આવજે!!" મેં કહ્યું.

રાજુ રદી ભીગી બિલ્લીની માફક પગ દબાવીને સંચળ-અવાજ ન થાય તેમ નીકળી ગયો!! ભરત વૈષ્ણવ

# કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયાએ કેશોદમાં રેલવે અંડર બ્રીજની કામગીરીનું નિરીક્ષણ કર્યું

જૂનાગઢ તા.૧૦ ભારત સરકારના શ્રમ રોજગાર અને રમતગમત મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયાએ આજે જૂનાગઢના જિલ્લાની મુલાકાત દરમિયાન કેશોદ શહેરના ચાર ચોક ખાતે રેલવે અંડર બ્રીજના ચાલી રહેલ કામનું નિરીક્ષણ કર્યું હતું. કેન્દ્રીય મંત્રીશ્રીએ ઝડપભેર રેલવે અંડર બ્રીજનું કામ પૂર્ણ કરવા માટે સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી. તેમણે ખાસ રેલવેના અધિકારીશ્રી સાથે ટેલીફોનિક વાતચીત કરી હતી. તેમણે આ





અંડર બ્રીજના નિર્માણ માટે જરૂરી રેલવે રીલીવિંગ ગડર વહેલી તકે ઉપલબ્ધ થાય તે માટે સૂચના આપી હતી. જેથી સમય મર્યાદામાં આ રેલવે અંડરબ્રીજનું કામ પૂર્ણ કરી શકાય. કેશોદના ચાર ચોક ખાતે અંદાજે રૂ.૨૧ કરોડના ખર્ચે બની રહેલા આ રેલવે અંડર બ્રીજથી લોકોને ટ્રાફિકની સમસ્યામાંથી મોટી રાહત મળશે. હાલ ૭૦ ટકા જેટલી રેલવે અંડર બ્રિજની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકાર દ્વારા ફાટક મુક્ત અભિયાન હેઠળ જરૂરી કામગીરી કરવામાં આવી રહી છે. આ તકે ધારાસભ્ય શ્રી દેવાભાઈ માલમ, નગરપાલિકાના પ્રમુખશ્રી મેહુલભાઈ ગોંડલીયા, પ્રાંત અધિકારી શ્રી કિસન ગરચર, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી કિરીટભાઈ પટેલ, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપનીના અધિકારીશ્રીઓ સ્થાનિક પદાધિકારી-અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દેશના એરપોર્ટ પર ખાણીપીણીની ચીજવસ્તુઓના ભાવમાં ઘટાડો થશે

એરપોર્ટ પર હવે ખાન-પાનની વસ્તુઓ સસ્તી મળશે. એરપોર્ટ ઓથોરિટી ઑફ ઈન્ડિયા તેના માટે એરપોર્ટ પર એફોર્ડેબલ ઝોનને અનિવાર્ય કરવા જઇ રહી છે. એટલે કે દરેક એરપોર્ટ પર કેટલાક સ્થાન એફોર્ડેબલ ઝોન તરીકે અનામત રહેશે, જ્યાં મુસાફરો સસ્તા દરે ખાન-પાનની વસ્તુઓ ખરીદી શકશે.નાગરિક ઉડ્ડયન મંત્રાલયના એક અધિકારી અનુસાર લાંબા સમયથી યાત્રીઓ તેમજ દરેક રાજ્યના જનપ્રતિનિધિ એરપોર્ટ પર ખર્ચાળ ફૂડ પ્રોડક્ટ્સ અંગે ફરિયાદ કરી રહ્યા છે. સામાન્ય યાત્રીઓને ઘરેથી એરપોર્ટ પર પહોંચવામાં તેમજ ત્યાંથી યાત્રા પૂરી કરીને ફરીથી ઘરે પહોંચવા સુધીમાં ૬-૭ કલાકનો સમય લાગે છે. કારણ કે એરપોર્ટ અને ફ્લાઇટ્સ બંને એવી જગ્યા છે જ્યાં યાત્રી ભોજન કરી શકે છે. પરંતુ કિંમત એટલી વધુ હોય છે કે લોકો કઇ ખાવા પીવા કરતા ભૂખ્યું રહેવાનું વધુ પસંદ કરે છે.સૂત્રો અનુસાર દિલ્હી, મુંબઇ, બેંગ્લુરુ અને કોચી એરપોર્ટ પર ડોમેસ્ટિક ફ્લાઇટ્સમાં ડિપાર્ચર એરિયામાં આવી જગ્યાની ઓળખ કરાઇ છે. અહીં કિફાયતી દરોમાં ખાન-પાન માટે ૬-૮ આઉટલેટ ખુલશે. નાગરિક ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડૂએ આ સમસ્યાના ઉકેલ પર ૩ બેઠકો કરી હતી.આ ફાયદો... ૧૨૫-૨૦૦માં મળતી એક ચા હવે ૫૦-૬૦ રૂપિયામાં માણી શકાશે છઠ્ઠેંના અધિકારી અનુસાર આ આઉટલેટ્સ પર ખાન-પાનની વસ્તુઓ લગભગ ૬૦-૭૦% સસ્તી મળશે. અત્યારે એરપોર્ટ પર એક ચા લગભગ રૂ.૧૨૫-૨૦૦ સુધી મળે છે, પરંતુ કિફાયતી ઝોનમાં તે રૂ.૫૦-૬૦માં મળી શકશે. હા, એટલું છે કે મોંઘા રેસ્ટોરન્ટની માફક સર્વિસ અને ક્વોન્ટિટીનું અંતર હશે. એટલે કે બેસવાને બદલે સ્ટેન્ડિંગ ટેબલ હશે. નાના કપ કે ગ્લાસમાં ચા અપાશે. ફૂલ મીલને બદલે કૉમ્પેક્ટ મીલ હશે. પેકિંગની બેઝિક ક્વોલિટીમાં સામાન ઉપલબ્ધ હશે.

# ભાજપના વિસ્તરણ સાથે જ બીમારીઓ વધી':'ખરાબ પાક પર જંતુનાશકનો છંટકાવ કરવો પડશે', પક્ષપલટુઓ પર વરસ્યા નીતિન ગડકરી

મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીના મતદાનના ૧૧ દિવસ પહેલાં કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરીએ બળવાખોરો મામલે નિવેદન આપ્યું છે. ગડકરીને શનિવારે એક ઈન્ટરવ્યૂમાં બળવાખોરોના ભાજપમાં જોડાવા અંગે પૂછવામાં આવ્યું હતું. આના જવાબમાં ગડકરીએ કહ્યું-ભાજપ ઝડપથી વિસ્તરી રહ્યું છે. જેમ જેમ પાક વધે છે તેમ તેમ બીમારીઓ પણ વધે છે. બીજેપી પાસે ઘણા સારા પાક છે, જે સારી ઉપજ આપે છે, પરંતુ કેટલાક બીમારીઓ પણ લાવે છે. તેથી આપણે આવા બીમાર પાક પર જંતુનાશકનો છંટકાવ કરવો પડશે.ગડકરીએ કહ્યું કે નવા લોકો અલગ-અલગ કારણોસર ભાજપમાં આવી રહ્યા છે. તેમને તાલીમ આપવાની, વિચારધારા વિશે જણાવવાની અને તેમને કાર્યકર્તા બનાવવાની જવાબદારી અમારી છે. હજારો કાર્યકરો ઊભા હોય છે, પણ ક્યારેક એક કાર્યકર કંઈક બોલે છે અને એ હજારો કાર્યકરોની મહેનત પર પાણી ફરી જાય છે.ગડકરીને પૂછવામાં આવ્યું હતું કે લોકસભા ચૂંટણીમાં મહારાષ્ટ્રમાં હાર બાદ નડ્ડા અને અમિત શાહે મહારાષ્ટ્ર ભાજપના નેતાઓ સાથે ઘણી બેઠકો કરી હતી, પરંતુ તેઓ આ બેઠકોમાં હાજર નહોતા. આ




બાબતે ગડકરીએ કહ્યું- મહારાષ્ટ્રમાં મારી કોઈ ભૂમિકા નથી. અહીના નેતાઓ સક્ષમ છે. જ્યારે પણ તેમને મારી જરૂર પડશે ત્યારે હું હાજર રહીશ.ગડકરીએ ઈન્ટરવ્યૂમાં વધુમાં કહ્યું કે સરકાર અને વહીવટીતંત્ર ધર્મનિરપેક્ષ હોવું જોઈએ. વ્યક્તિ બિનસાંપ્રદાયિક હોય કે ન હોય, પરંતુ રાજ્ય, સરકાર અને વહીવટીતંત્ર બિનસાંપ્રદાયિક હોવા જોઈએ. આ સિવાય અરવીમાં એક ચૂંટણી રેલી દરમિયાન ગડકરીએ કોંગ્રેસ પર ગ્રામીણ વિસ્તારોનો વિકાસ ન કરવાનો આરોપ લગાવ્યો હતો.ગડકરીએ કહ્યું- કોંગ્રેસે ક્યારેય ગ્રામીણ ભારતના વિકાસ અંગે ગંભીરતાથી વિચાર્યું નથી. જો ગ્રામીણ ભારતને પ્રાથમિકતા આપવામાં આવી હોત તો ખેડૂતોએ આત્મહત્યા ન કરી હોત અને ગામડાઓમાં ગરીબી ન હોત. ભારતના ૭૫ વર્ષના ઈતિહાસમાં કોંગ્રેસે ગ્રામીણ વિસ્તારોના વિકાસની સતત ઉપેક્ષા કરી છે.

# થરાદી મેમણ કાઉન્સિલ આયોજી ૨૧ મો ઇજતેમાઈ નીકાહ સમારંભ માંહી મુકામે યોજાયો

થરાદી મેમણ કાઉન્સિલ આયોજિત ૨૧ મો નીકાહ સમારંભ માંહી મુકામે યોજાયો હતો જેમાં ૧૩ યુગલો નીકાહ ના બંધન માં જોડાયા હતા સમારંભ ની શરૂઆત મોલાના રઈસ દ્વારા તિલાવત થી કરવામાં આવી હતી જયારે આવેલ મહેમાનો નું સ્વાગત રફિકભાઈ આસેડા વાળાએ આવનાર મહેમાનો નું સબ્દો થી સ્વાગત કર્યું હતુ આ પ્રસંગે પધારેલ મહેમાનો માં મુફ્તી અબ્દુલ રહેમાન સાહેબ (રતનપુર), મોલાના સલાઉંદ્દીન સાહેબ (વિરમગામ), અધ્યક્ષ સિરાજભાઈ (કલોલ), હાજી હનીફભાઈ પ્રમુખ (ડીસા), સલીમભાઈ રોનકવલા(હિંમતનગર), હાજી શબ્બીર ભાઈ (દિયોદર), હાજી મુસ્તાકભાઈ (સાંચોર), હાજી ઈસ્માઈલ ભાઈ (હિંમતનગર), હાજી મુસતુફાભાઈ (અમદાવાદ),રફીકભાઈ કલોલવાલા,જાફરભાઈ સાંચોરા(પાલનપુર), રફિક્ભાઈ એન્જિનિયર(સિદ્ધપુર), ફઝલ ભાઈ (ખેરાલુ), રજ્જાકભાઈ (સતલાસણા),બાબુભાઈ ખેરાલુ,ઈકબાલ ભાઈ (પાલનપુર), શફીરભાઈ માસ્ટર (ડીસા), સલીમભાઈ ખેરાલુ, અબ્દુલ કાદર ભાઈ (અમદાવાદ), સકીલ ભાઈ (અમદાવાદ) સહિત મોટી સંખ્યામાં મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા આ પ્રસંગે અબ્દુલ રહેમાન સાહેબે જણાવ્યું કે સાદગી થી નિકાહ કરી કુર રિવાજો સમાજ માંથી દૂર કરી સુન્નત તરીકા પર ચાલવા અનુરોધ કર્યો હતો જયારે મોલાના સલાઉદીન સાહેબે જણાવ્યું કે સુન્નત હશે તોજ તમારી જિંદગી કામિયાબ બનશે જેથી દરેકે જિંદગી માં સુન્નત તરીકા અપનાવવા અનુરોધ કર્યો હતો હાજી હનીફભાઈ જણાવ્યું કે હઝરત મોહમ્મદ પયગમ્બર સાહેબે આપેલા ગુણો જીવનમાં ઉતારી સાદગી અપનાવવા અનુરોધ કર્યો હતો આ પ્રસંગે ને સફળ બનાવવા સમૂહ નિકાહ સમિતિ ના ઑબજર્વર રફિકભાઈ તથા ચેરમેન ફકિરમોહ્મદ તથા તેમની ટીમ સુંદર વ્યવસ્થા કરી હતી સરિયત મુજબ દીકરી ને સાસરે મૂકી આવનાર ૧૩ દુલહનો ને ડીસા પાલનપુર જમાત દ્વારા ૫૦ ગ્રામ ચાંદી ના સિક્કા ભેટ આપ્યા હતા આ પ્રસંગે ખિદમત માં કાઉન્સિલ ની યંગ કમિટી તથા છાપી યુથ કમિટીએ ભારે ઝેહમત ઉઠાવી હતી આ પ્રસંગે કાર્યકમ નું સફળ સંચાલન દિલાવર ભાઈ માસ્ટર તથા યુનુસ ભાઈ માસ્ટર દ્વારા કરવામાં આવ્યું હતું

## નવેમ્બરના એક અઠવાડિયા બાદ હવે પર્વતો પર હિમવર્ષા શરૂ:

# દુનિયાના સૌથી ઊંચા તુંગનાથ મંદિર પર બરફનો એક ટુકડો પણ નહીં; ઉત્તર ભારતમાં ધુમ્મસની ચાદર છવાઈ

દર વર્ષે નવેમ્બરના પ્રથમ સપ્તાહમાં હિમાલયના વિસ્તારોમાં ૨૦૦૦ થી ૪૦૦૦ મીટરની વચ્ચે હિમવર્ષાનો રાઉન્ડ શરૂ થાય છે. પરંતુ આ વખતે ઉત્તરાખંડના વિશ્વના સૌથી ઊંચા તુંગનાથ મંદિરમાં બરફનો એક ટુકડો પણ દેખાતો નથી. તેની ઊંચાઈ સમુદ્ર સપાટીથી લગભગ ૪૦૦૦ મીટર છે.ઉત્તરાખંડમાં આવેલા ચાર ધામો એટલે કે કેદારનાથ, બદ્રીનાથ, ગંગોત્રી, યમુનોત્રીની પણ આવી જ સ્થિતિ છે. આ વિસ્તારોમાં તાપમાન મેદાનો જેવું છે. ચોમાસા બાદ ઓછા વરસાદને કારણે આ સ્થિતિ સર્જાઈ છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર સપ્ટેમ્બર પછી સામાન્ય કરતાં ૯૦% ઓછો વરસાદ થયો છે. જેના કારણે તાપમાનમાં અચાનક વધારો થયો હતો. આ જ કારણ છે કે નવેમ્બરમાં પણ પર્વતોનો આ ભાગ નિર્જન રહે છે.તેમજ, પ્રદૂષણને કારણે ઉત્તર ભારતના ઘણા શહેરોમાં ધુમ્મસ વધ્યું છે. દિલ્હી, સોનીપત, ગાઝિયાબાદ, આગ્રા સહિત ઘણા વિસ્તારોમાં સવારે ૭ વાગ્યે છઊેં (એર ક્વોલિટી ઈન્ડેક્સ) ૩૦૦થી ઉપર નોંધવામાં આવ્યો હતો.દેહરાદૂનના હવામાન કેન્દ્રના ડિરેક્ટર વિક્રમ સિંહના જણાવ્યા અનુસાર, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે હિમાલયના ઊંચા વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતાં ૨-૩ ડિગ્રી વધારે છે. આ દિવસોમાં પહેલા જેવી ઠંડી નથી. દિવસ દરમિયાન ગરમીનો અનુભવ થાય છે.સામાન્ય રીતે ચોમાસાની ઋતુ દરમિયાન, આ વિસ્તારોમાં સામાન્ય રીતે ૧૧૬૩ મીમી વરસાદ પડે છે. આ વખતે ૧૨૭૩ મીમી વરસાદ થયો છે. આ લગભગ ૧૦% વધુ છે. જો કે ચોમાસા બાદ અપૂરતા વરસાદને કારણે વાતાવરણમાં પલટો આવ્યો છે.હાલમાં પર્યટકોની મોસમ છે, તેઓ બરફની મજા કેવી રીતે માણશે. આ ઊંચાઈવાળા વિસ્તારોમાં બરફ જોવા આવતા પ્રવાસીઓ બરફવર્ષાના અભાવે નિરાશ થયા છે. આ સિઝનમાં પ્રવાસનને અસર કરી શકે છે.હિમવર્ષાની શક્યતા હવામાન કેન્દ્રના જણાવ્યા અનુસાર, આ વખતે પહાડોમાં ઠંડી મોડી શરૂ થઈ શકે છે. હળવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવ્યું છે. તેની અસરને કારણે ઊંચા પહાડો પર હળવો વરસાદ અને હિમવર્ષા થઈ શકે છે. આ પછી તાપમાનમાં ધીમે ધીમે ઘટાડો થશે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




### NOG SS No : 321

વિષય.: વંશવેલો
પ્રકાર :ગદ્ય... શબ્દ..૧૫૬
શીર્ષક. : રાજગાદી

આ વિષય જેટલો વાચવામાં સારો છે એટલોજ વાસ્તવિક જીવનમાં ઘણો અઘરો પણ છે ." દીકરા દી વાળે" આ કહેવત પ્રમાણે ફક્ત દીકરો જ વંશવેલો આગળ વધારે અને માબાપ ના દી વાળે ,પણ એના માટે દીકરી ની જરૂર પડે એ કેમ કોઈ યાદ નથી રાખતું? આપણે આપણો વંશવેલો આગળ વધારવા માટે દીકરા ના લગ્ન તો કોઈ છોકરી જોડે જ કરીએ છે ને! ભલે ઈશ્વરે તમને દીકરો આપ્યો હોય પણ જો એનામાં સંસ્કાર ના હોય ,પ્રેમ ,લાગણી, સ્ત્રી પ્રત્યે ને સન્માન ભાવના એનામાં ના હોય તો આવા વંશવેલો કરતા નીરવંશ રેહવું વધારે સારું. જ્યારે સમાજ મા સ્ત્રી પર થતા અત્યાચાર શોષણ અને અસમાનતા ની ભાવના દૂર થશે ત્યારેજ ખરા અર્થ માં વંશવેલો આગળ વધ્યો એવું કેહવાય બાકી આ પૃથ્વી પર રામાયણ અને મહાભારત બન્ને રચાયા છે અને એ પણ રાજગાદી ને વંશવેલો માટે નક્કી આપણે કરવાનું છે રામ ને જન્મ આપવો કે દુર્યોધન ને!

લેખિકા . સુચી રાવલ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS NO: 370

વિષય :વંશવેલો
શીર્ષક : વંશવેલો
પ્રકાર : પદ્ય - શબ્દો : ૭૩

પેઢીઓથી ચાલતો આવે, છે એ વંશવેલો,
સંસ્કૃતિના નામે ચમકતો રહેતો એ વંશવેલો.

દીકરા દીકરીના સંસ્કારથી જે પરખાય,
શોભે છે મા બાપની ઉન્નતિનો એ વંશવેલો.

બાળકનો ઉછેર થાય જો ચોક્કસ પદ્ધતિથી,
ઉજ્જવલ થઈ જાય પૂર્વજોની આબનો એ વંશવેલો.

પિતૃઓની આનુવંશિકતાની છાપ પ્રદર્શિત કરતો,
વંશિક લક્ષણોમાં છતો થઈ જાય એ વંશવેલો.

સંપત્તિ વહેંચાય દીકરાઓમાં મા-બાપ થકી,
પૂર્વજોના સંસ્કાર થકી જ સચવાય એ વંશવેલો.

આજ આદર્શો અને વારસાઈને ભૂલી રહ્યા સૌ,
આધુનિકતાના ઓછાયામાં ખોવાયો વંશવેલો.

ચંદન સોલંકી "મહેક "

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG NO.0059

વિષય વંશ વેલો
શીર્ષક : વંશ વેલો
પ્રકાર : હાઈકૂ સાત શબ્દો : ---

વારસદાર
સાચો તે, જે વધારે
પિતાનુ નામ !

ઘર ઘરમા
અમારે બે ની વાત !
ને વંશ વેલો ?

મોટુ કુટુંબ ?
જો મનમેળ નહી
શૂ વંશ વેલો !

પરિવાર મા
હોય પ્રેમ લાગણી
તે વંશ વેલો.

આવકો ઘટી
ને ખર્ચા જંગી થયા
કુટુંબો ટૂંકા !

નાનુ કુટુંબ
આજે સૂખી કુટુંબ
સંપ ત્યા જંપ

ન વંશ વેલો
આજે જરૂરત છે
પ્યારે પ્રેમની !

શ્ર? જયકાન્ત ધેલાણી " પ્યારે "

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### N O G S S NO 163

વિષય:વંશવેલો
શીર્ષક:વંશ
પ્રકાર:પદ્ય રચના શબ્દ:૭૮

ધરતી પર જેણે જન્મ લીધો,
વંશજ એ કોઈ ને કોઈ ઋષિનો..
ગોત્ર અને કૂળ પરખ માનવની,
સનાતન ધર્મી સમજે ભારતમાં..

શેર માટીની ખોટ પૂરવા,
બાધા આખડી ને માનતાઓ
રાખે ને માને અગણિત ..
વંશવેલો કાયમ રાખવા..

હિંદુ બ્રાહ્મણોની વાત કરીએ તો
ભગવાન વિષ્ણુના દસ અવતારનો,
છઠ્ઠો અવતાર ભગવાન પરશુરામ..
વંશજ બ્રાહ્મણ સમુદાય..
કૂળદેવતા એ બ્રાહ્મણ સમમાજના
એમ દરેક જ્ઞાતિમાં હોય કૂળદેવતા
વંશવેલો વધતો રહે..

શ્રીમતી મીનાક્ષી ત્રિવેદી,'મૌની' વડોદરા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS NO. 215

વિષય : '' વંશવેલો "
શીર્ષક : " આગળ ચાલે વંશવેલો "
પ્રકાર : પદ્ય, શબ્દો :૭૦.

સૌની ઈચ્છા હોય આગળ ચાલે વંશવેલો,
સુખ સમૃદ્ધિ, ને વૈભવમાં મહાલે વંશવેલો.

નામ રોશન કરે ને કીર્તિ સૌની ખૂબ વધારે,
રોજ ધંધા રોજગારમાં ફૂલે ફાલે વંશવેલો.
સંસ્કાર, સભ્યતામાં, કાયમી રહે આગળ,
ભાવ ભક્તિ મહિમા રાખે ખ્યાલે વંશવેલો.

વડીલોનો આદર કરે, બાળકોને આપે પ્રેમ,
સંયુક્ત પરિવારમાં રહે બધું તાલે વંશવેલો.

સારાં નરસાં સમયે પણ એક જુટ રહે સૌ,
ના તૂટવાં દે એકતા, કોઈ કાળે વંશવેલો.

શ્યામ ગોયાણી 'શ્યામ'
શિવેન્દ્રનગર (હાલ સુરત)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### Nog SS No-162

વિષય - વંશવેલો
પ્રકાર - ગધ, શબ્દ -૭૦
શીષઁક - દી, વાળે તે દીકરા

દીકરો તે ઘરનો દીવો કુટુંબમાં અજવાળું કરે તો ,અને દીકરી તે ઘરની દીવડી બે કુટુંબને અજવાળતી
વંશવેલો આગળ લઈજાય એ દીકરો સારાં સંસ્કારી દીકરા પાકે તો જ નૈતર તો દીપડા ઠર્યા
રામાયણ મહાભારત ઘણુ સમજાવી ગયા વંશવેલા વધારતા
આંગણે આંબાના ચીતરણ ડાળીયે ડાળીયે દાદા હોય ને પાંદડે પાંદડે દીકરા
અહી મારે એક વાત કહેવી છે ભલે
દી વાળે તે દીકરા ,બંને પતી પત્ની સંતાન પેદા કરે બંનેના સંસ્કાર વડે ઉજવળ વંશવેલોનુ રોપણ થાય જેના પેટમાં નવ માસ સુધી ઘડતર થાય તે બધાજ વિચારો બાળક લઈ લે છે સારા નરસા સંસ્કાર પછી જ .મા નુ નામ પેલા લે છે કે તેની માં કાણ હતી આ ના પર થી વંશવેલો પરખાય છે કહેછે એકના એકવીસ થાય તે બાપનું નામ રોશન કરે તેજ દીકરા ખરા અથઁ માં દીકરા ઓટીવાર નીકળે તો બાપનું નામ ડુબાડે અને સુરો થયો તો સુરવીરતા દેખાડી આખા કુટુંબની ઉજવળ વંશાવેલી જળવાય અને સાત પેઢી સુધી તેના નામ જીવીત રહે છેપ..

રેખા નાકરાણી. નવી મુંબઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS NO: 372

વિષય : વંશવેલો
શીર્ષક : વારસ
પ્રકાર : ગદ્ય શબ્દો : ૨૪૯

"પુંજી તું તો જાણે છે, આપણે કેટલી બાધા આખડી રાખી? પથ્થર એટલા દેવ કર્યા. આજે બે વર્ષથી હું ખુલ્લા પગે ચાલું છું. તું જ કે... બા-બાપુજીની ઈચ્છા છે એમનો વંશ આગળ વધે એટલે... તું ખાતરી રાખ આપણા પ્રેમમાં કોઈ ઓટ નહીં વરતાય. હું તૈયાર ન થાત પણ આ તો એમનું મન રાખવા, ને પાછલી ઉંમરે મારે પણ સહારો તો જોઈએ જ ને? આપણા ગામમાં જેઠો, ભૂરો, મગન બધાને તું જોઈ લે... બીજી લાવ્યા કે નહીં? અને એમાં ભૂરાની બીજીને તો સૈયોય આયો."
શાંતિલાલ એક શ્વાસે બોલી ગયેલો.

પુંજીનું મન માનતું ન હતું. "આ શું ગાંડા કાઢ્યા છે? તમે એક ભવમાં બે ભવ કરશો? હું બેઠી છું અને જીવીને લાવશો?"
"મારો કોઈ ઉપાય નથી. સમજી જા, તું ને જીવી સગી બહેનો માફક રહેજો."
શાંતિલાલે એનો આખરી નિર્ણય સંભળાવી દીધો હતો.

આખી રાત પુંજીએ પડખા ફેરવ્યા કર્યા, નીંદર વેરણ થઈ ગઈ. હું જીવતી મૂઈ છું અને આ જીવલીને લઈ આવશે! કૂવો ભરવાનોય વિચાર આવી ગયો પરંતુ મન મનાવ્યું હતું એ દિવસે. કાંઈ નહીં, ખોટ મારામાં છે. હરિ ઈચ્છા!

શાંતિલાલ જીવીને પરણી લાવ્યો, વરસ બે વરસ તો બધાંયને આશા બંધાયેલી જ રહી પરંતુ આજે પાંચ વર્ષેય પુંજીની અને જીવલીની કૂખ ખાલી જ છે.

પરસાળમાં ઢોલિયા પર ફાઈનલ પાસ હેડમાસ્તર અને શાંતિલાલ વાતો કરતા હતા. પુંજી રકાબીમાં ચા કાઢતી હતી અને હેડમાસ્તરને સાંભળતી હતી.
" ઉગમણી કોર ચાર માઈલ દૂર અનાથ બાળકોનો આશ્રમ થયો છે શાંતિલાલ. તો, ત્યાંથી એક બાળક વિધિસર દત્તક લઈ લે. એ બચારા જીવને પરિવાર મળશે અને તારો વંશવેલો આગળ વધશે."

પુંજી અને જીવીના મનમાં આવનારા બાળક માટે વાત્સલ્યભાવ ઉમટ્યો.
સંજય બી. મહેતા.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS No :230

વિષય : વંશવેલો
શીર્ષક : દીકરી થકી વંશવેલો
પ્રકાર: ગદ્ય

શું વંશવેલો દીકરો જ ચલાવી શકે ? વંશ શું દીકરીથી આગળ ના વધે ? આ સખત રૂઢિગ્રસ્ત રિવાજને ઉખેડી નાખવા માટે . મહંમદ પયગમ્બર સાહેબને અલ્લાહે દીકરીની વિલાદતની ( જન્મની ) ખુશી આપી .

બન્યું એમ કે મહંમદ પયગમ્બર સાહેબને એક દીકરાનો જન્મ થયો . પણ કમનસીબે એ બાળક નાનપણમાં જ મૃત્યુ પામ્યું . હવે અરબ મહંમદ પયગમ્બર સાહેબને મેણાં મારવા લાગ્યા . એ સમયકાળમાં દીકરા હોવા એ
આભાર - નિહારીકા રવિયા એક અભિમાનની વાત હતી . પછી એમને ત્યાં બીબી ખદીજાથી એક દીકરીનો જન્મ થયો . અલ્લાહ તરફથી વહી આવી કે અમે તમને કૌસર અતા કરી છે . એનું નામ ફાતિમા રાખવામાં આવ્યું . ફાતિમાની શાદી હઝરત અલી સાથે કરવામાં આવી . એમને ત્યાં બે પુત્રોનો જન્મ થયો ઈમામ હસન અને ઈમામ હુસૈન . ત્યારબાદ આ સિલસિલો બાર ઈમામ સુધી પહોંચ્યો . બારમા ઈમામ અત્યારે ગાયબ છે , પણ જેમ જેમ દુનિયામાં જુલ્મ વધશે . બારમા ઈમામ હાજર થશે . જે રીતે કૃષ્ણ પણ હાજર થશે . બારમા ઈમામ સુધીનો વંશવેલો ફક્ત બીબી ફાતિમાથી ચાલ્યો . મહંમદ પયગમ્બર વંશ વગરના ના રહ્યા .

અલ્લાહે સમજાવ્યું કે દીકરો કે દીકરી જો નેક હોય તો એનાથી વંશવેલો આગળ વધશે અને દુનિયા તમને યાદ રાખશે . આ જમાનામાં તો લોકો દીકરા કરતા દીકરીને વધારે ઈચ્છે છે , કારણકે દીકરી પાસે ઋજુ હૃદય છે અને અંત સુધી માબાપની સંભાળ રાખે છે . ઘણીવાર દીકરાઓ થકી 'બાગબાન' પણ ઊભું થાય છે , અને માબાપને બુઢાપામાં અલગ થવું પડે છે . ત્યારે કુટુંબની બદનામી થાય છે . અને આખો વંશવેલો બદનામ થાય છે . દીકરી તો વહાલનો દરિયો છે , ભલે એ પરાયે ઘર જાય તો પણ એનો જીવ તો માબાપ પાસે છોડીને જાય છે . જો જમાઈ સારા નીકળે તો માબાપ પોતાનો બુઢાપો સારી રીતે કાઢી શકે . દીકરી ચાહે તો પોતાના બાપનું નામ રાખીને વંશને આગળ ચલાવી શકે છે . ઈસ્લામમાં તો વર્ષો પહેલા સ્ત્રીને મૃત્યુ સુધી બાપનાં નામથી જ ઓળખવામાં આવતી . પતિનું નામ એ ક્યારેય ના લગાડતી . વળી મૃત્યુ પછી ફાતેહા પણ બાપનું નામ લગાડીને દેવામાં આવે છે . દીકરી પણ વંશ ચલાવી શકે છે .

સપના વિજાપુરા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOGG SS no 351

વિષય: વંશ વૃદ્ધિ

શીર્ષક: વડલો
પ્રકાર: પદ્ય શબ્દ: ૯૨

બાપદાદા નો વડલો વંશ નો વેલો ધપાવતી
વંશ વૃદ્ધિ આપણું સૌભાગ્ય ચમકાવતી
સગપણ નું સુખ દુ:ખ તોય છે આપણું
પરમાર્થના પાળીયા પ્રેમથી પૂજાયા
નવા જોડલા પરણ્યા આશિષ લેવા જાય
બાપ દાદા નો વડલો વંશનો વેલો ધપાવતી
વિરલા માંગે, માંગે શૂરવીર પુત્ર ઘડવૈયા
ખાંભી ઓ થઈ રક્ષણ કરતી વંશવૃદ્ધિ વધારતી
બાપ દાદા નો વડલો વંશનો વેલો ધપાવતી
એક પેઢીથી બીજી પેઢીમાં રહેતો સુખદુ:ખનો વારસો
સંસ્કારોની, પ્રેમની મીઠી નદીઓ વહેતી
બંધને એનું છૂટે નહિ ,વારસો બાપદાદા નો વડલો
આપણો વારસો આપણું અસ્તિત્વ પોકારતી
વંશ વૃદ્ધિ આંબા રુપી ચિત્ર દોર્યું વંશવેલો સમજાવતી
જયશ્રી વાઘેલા (મુંબઈ)

# ગાંધીનગરના ભાટની હાઉસિંગ સોસાયટીમાં જુગારની બાઝી માંડીને બેઠેલા ચાર ઝડપાયા, ૩૪ હજારનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગરના ભાટનાં રામવાળા હાઉસીગ સોસાયટીમા મકાનની ઓસરીમાં જુગારની બાઝી માંડીને બેઠેલા ચાર જુગારીઓને લોકલ ક્રાઈમ બ્રાંચે પૂર્વ બાતમીના આધારે દરોડો પાડી રંગેહાથ ઝડપી લઈ રોકડ રકમ સહિત ૩૩ હજાર ૮૬૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાંચના પીઆઈ એચ.પી. પરમારની ટીમ અડાલજ પોલીસ મથકની હદ વિસ્તારમાં પેટ્રોલીગ કરી રહી હતી. દરમ્યાન બાતમી મળી હતી કે, ભાટ ગામના રામવાળા હાઉસીગ સોસાયટીમા આવેલ લીલાજી ગટાજી ઠાકોરના મકાનની ખુલ્લી ઓસરીમા કેટલાક ઈસમો પોતાના અંગત ફાયદા સારૂ ગંજીપાના વડે પૈસાથી હારજીતનો જુગાર રમી રમાડે છે.

જે હકીકતના આધારે લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે દરોડો પાડતા ચાર જુગારીઓ કૂંડાળું વળીને જુગારની બાઝી માંડીને બેઠેલા જોવા મળ્યા હતા. જેઓને જેતે સ્થિતિમાં બેસી રહેવાની સૂચના આપી એલસીબીએ પૂછતાંછ કરતાં તેમણે પોતાના નામ દેવેંદ્રકુમાર રાજપુત અનિલકુમાર રાજપુત, શૈલેંદ્ર રાજપુત, સંજીવ ગુપ્તા હોવાનું જણાવ્યું હતું.આ ચારેય જુગારીઓ



પૈકીના ત્રણ જણા અમૂલ ડેરીમાં લોડીગનું તેમજ સંજીવ છૂટક સમોસા વેચવાનો ધંધો કરતો હોવાની વધુમાં કબૂલાત કરી હતી. બાદમાં પોલીસે ચારેય ની અંગ ઝડતી લેતા રોકડ રકમ તેમજ ચાર મોબાઈલ ફોન મળીને કુલ રૂ. ૩૩ હજાર ૮૬૦નો મુદ્દામાલ મળી આવ્યો હતો.

# ગરીબ વિદ્યાર્થિનીઓને આપવા ૯૦૩૨ સાઈકલ લવાઈ માત્ર ૫૪૯ને અપાઈ બાકીની પડીપડી કાટ ખાઈ ગઈ

સરસ્વતી સાધના યોજના હેઠળ એસસી, એસટી અને ઓબીસી કેટેગરીની વિદ્યાર્થિનીઓને પ્રવેશોત્સવ ૨૦૨૩માં સાઈકલ આપવાની હતી. પાંચ મહિના પહેલાં અમદાવાદમાં ૯૦૩૨ સાઈકલ લવાઈ હતી. પરંતુ માત્ર ૫૪૯ એટલે કે, ૬ ટકા વિદ્યાર્થિનીને જ સાઈકલ અપાઈ છે. બાકીની લાંભા પાસેની એક સ્કૂલના મેદાનમાં પડી પડી કાટ ખાઈ ગઈ છે. એક સ્થાનિક રાહુલ પરમારે આપેલી માહિતી મુજબ મેદાનમાં એ હદે ઝાડી-ઝાંખરા ઊગી ગયા છે કે, હવે સાઈકલો દેખાતી પણ



નથી. મોટાભાગની સાઈકલને કાટ લાગી ગયો હોવા ઉપરાંત ટાયરની રિંગો અને સીટો પણ તૂટી ગયા છે. ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટિંગ વિભાગે આળસ કરી સાઈકલનો ઓર્ડર છેક માર્ચ ૨૦૨૪ એટલે કે એક વર્ષ મોડો આપ્યો હતો. મે સુધી સાઈકલ પૂરી પાડવાની હતી પરંતુ ૫ મહિના વિતવા છતાં હજુ સુધી લાભાર્થીઓને અપાઈ નથી. હવે આ સાઈકલો રંગરોગાન કરીને અપાશે.રાજ્યની વિદ્યાર્થિનીઓ માટે અંદાજે ૧.૭૦ લાખ સાઈકલની માંગ હતી

# ગણપત યુનિવર્સિટીએ તેના ચાર ઇન્ડસ્ટ્રી પાર્ટનરના સહયોગમાં યોજ્યો




દેશભરમાં હાઈ-ટેક યુનિવર્સિટી તરીકે ખ્યાતિ અને પ્રતિષ્ઠા પામેલી ગુજરાતની પ્રથમ હરોળની એક ચુનંદી વિદ્યા-સંસ્થા ગણપત યુનિવર્સિટીએ તાજેતરમાં એક રાષ્ટ્રીય કક્ષાના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વિષય ઉપરના સિમ્પોઝીયમનું આયોજન કર્યું હતું.

યુનિવર્સિટીના ઈન્ડસ્ટ્રી પાર્ટનર ઈ-ઈન્ફોચિપ્સ, સીડેક પુણે, યુડીઝ સોલ્યુશન્સ અને જેસિયા આઈટી એસોસિએશનના સહયોગ સાથે યોજાયેલા આ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ઉપરના સિમ્બોલઝમ માં દેશના ૧૦ જેટલા વિવિધ રાજ્યોમાંથી ૪૧૦ ડેલિગેટ્સ ઉપસ્થિત રહ્યાં હતાં જેમાં અભ્યાસુ સંશોધકો, વિદ્યાર્થીઓ, પ્રાધ્યાપકો અને વિવિધ ઉદ્યોગોમાંથી આવેલા વ્યવસાયિકોએ સહભાગીતા દાખવી હતી.

ગણપત યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલ-દાદાએ આ સિમ્પોઝીયમનું ઉદ્ઘાટન કર્યું હતું તો યુનિવર્સિટીના પ્રો ચાન્સેલર ડો. મહેન્દ્ર શર્મા, યુએઈની ફ્યુજૈરાહ યુનિવર્સિટીના સન્માનનીય ચાન્સેલર ડો. ઘાસન કેમેરી, યુડીઝ સોલ્યુશન્સના ચેરમેન શ્રી ભરત એસ. પટેલ, સીડેકના શ્રીમતી લક્ષ્મી પનાત, રિલાયન્સ જીઓ પ્લેટફોર્મ્સના એજ એઆઈ ડિવિઝનના વાઈસ પ્રેસિડેન્ટ અને ચીફ આર્કિટેક્ટ શ્રી પેથુર રાજ, કેપ જેમિનીના મેડિકલ એન્ડ લાઈફ સાયન્સીસના સિનિયર મેનેજર શ્રી નકુલ વચ્છરાજાની, આર-વાય ડોટ ઈન્ફોટેક પ્રાઈવેટ લિમિટેડના સીનિયર ડેટા સાયન્ટિસ્ટ ડૉ. હિરેન ગલીયાવાલા સહિત અનેક આમંત્રિત મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા જેમાં યુનિવર્સિટીના ઉચ્ચકક્ષાના અધિકારી ડૉ. રાકેશ પટેલ, ડૉ. સત્યેન પરીખ, ડૉ. સૌરભ દવે, ડૉ. કિરણ અમીન, ડૉ. ગિરીશ પટેલ પણ ખાસ હાજર રહ્યા હતા.

સિમ્પોઝિયમ નું ઉદઘાટન કરતા પદ્મશ્રી ગણપતદાદાએ કહ્યું હતું કે નોકરીની ક્ષમતા, કુશળતામાં વૃદ્ધિ, કામગીરી પાર પાડવાની પદ્ધતિ જેવી બાબતોના ભવિષ્ય ઉપર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો બહુ મોટો પ્રભાવ ઊભો થશે. વ્યવસાયિકોએ હવે ઈમોશનલ ઈન્ટેલિજન્સ, ક્રિટીકલ થિન્કિંગ, ક્રિએટિવિટી અને ડાટા લીટરસી જવા કૌશલ્યો પણ હસ્તગત કરવા પડશે.

યુનિવર્સિટીના પ્રો ચાન્સેલર અને ડાયરેક્ટ જનરલ પ્રો. ડો. મહેન્દ્ર શર્માએ પણ સિમ્પોઝિયમના આરંભે એમના પ્રેરણાદાયી વકતવ્યમાં જણાવ્યું હતું કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની શકિતને આપણે અવગણી ના શકીએ કારણ કે સ્થિતિ અને સંજોગોમાં પરિવર્તન લાવવાની એની ક્ષમતા અગાધ છે. શ્રી શર્માજીએ ગણપત યુનિવર્સિટીના શિક્ષણને શ્રેષ્ઠ બનાવવામાં સંશોધન અને સર્જનાત્મકતાને પણ વધુ સક્ષમ બનાવવા માટે એ આઈ ટેકનોલોજીનો વિનિયોગ કરવા માટેની ગણપત યુનિવર્સિટીની પ્રતિબદ્ધતાની ભાવનાથી સહભાગીઓને અવગત કર્યા હતા.

ગણપત યુનિવર્સિટીના પ્રો. ડો. શ્રી સત્યન પરીખે આ અવસરે ઉપસ્થિત રહેલા સૌ આમંત્રીતો મહાનુભાવોનું સ્વાગત કરી સિમ્પોઝીયમના આયોજન અંગેની ભૂમિકા રજૂ કરી હતી.

સિમ્પોઝીયમના ઉદ્ઘાટન સમારોહના ચીફ ગેસ્ટ ડૉ. ઘાસન અલ-કેમેરીએ એમના વક્તવ્યમાં જણાવ્યું હતું કે આર્ટિફિશીયલ ટેકનોલોજીનો માનવજાતના ભાવિ ઉપર બહુ મોટો પ્રભાવ પડવાના છે કારણ કે એનામાં પરિવર્તન માટેની બહુ જબરજસ્ત ક્ષમતા છે જ્ઞાનના આદાન-પ્રદાનના આ અવસરે ડૉ. ઘાસનની ઉપસ્થિતિ બહુ મહત્વપૂર્ણ સિદ્ધ થઈ હતી.

આમંત્રિત નિષ્ણાત વિદ્વાનો સર્વશ્રી ભરત એસ. પટેલ, ડૉ. પેથુરુ રાજ, ડૉ. નકુલ વચ્છરાજાની તેમજ શ્રીમતી લક્ષ્મી પનાતે પણ પોતાના મુલ્યવાન વકતવ્યમાં એઆઈ ટેકનોલોજીના વિવિધ પાસાઓ ઉપર વિશદ છણાવટ કરી હતી.

કોમ્પ્યુટર એપ્લિકેશન્સ ડિપાર્ટમેન્ટના ડીન પ્રો. ડોક્ટર નિર્ભય ચૌબેએ આભાર વિધિ કરી હતી તો આઈટી ડિપાર્ટમેન્ટના હેડ પ્રો. ડો. દેવાંગ પંડ્યાએ સમગ્ર આયોજનનો બહુ સુંદર રિપોર્ટ બનાવી રજૂ કર્યો હતો.



સ્ટેટ મોનેટરીગ સેલ ના પી.એસ.આઇ.પઠાણ ના મોત બાદ બનાસકાંઠા પોલીસ એકસન મોડ મા આવી દારૂ ની હેરાફેરી કરતા બુટલેગરો ને પકડવા કમર કસી છે.જીલ્લા ના સરહદી પોલીસ સ્ટેશન ધાનેરા ,થરાદ,પાંથાવાડા,દાંતીવાડા, અમીરગઢ,ની સરહદી ચેકપોસ્ટો ઉપર તેમજ નાના મોટા તમામ નાકા ઉપર ૨૪ કલાક નાકાબંધી કરી બુટલેગરો ને પકડવા ચક્રોગતિમાન કરેલ છે, જીલ્લા સ્તેરે ગુન્હા શોધવાનુ કામ કરતી લોક ક્રાઈમ બ્રાન્ચ પણ દારૂ ના નેટવર્કે નો પદૉફાશ કરી બુટલેગરો ને પકડવા કમર કસી છે.

# નવા વર્ષની શરૂઆતમાં સિવિલ હોસ્પિટલ, અમદાવાદ માં થયું એક વધુ ગુપ્ત અંગદાન



અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં નવા વર્ષમાં વધુ એક અંગદાન થયું છે.સિવિલ હોસ્પિટલમાં થયેલા આ ૧૭૨ માં ગુપ્ત અંગદાનની વાત કરીએ તો તારીખ ૬ નવેમ્બર ના રોજ દર્દીને અકસ્માત થતા માથાની ઈજાના કારણે સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરાયા હતા. ?આધેડ વયના વ્યક્તિને સારવાર દરમિયાન સિવિલ હોસ્પિટલ ના ડોક્ટરોએ તારીખ ૮ નવેમ્બર ના રોજ બ્રેઇન ડેડ જાહેર કરેલ. ત્યારબાદ સિવિલ હોસ્પિટલ ના ડોક્ટરો તેમજ જાણીતા સ્કીન સ્પેશ્યાલિસ્ટ રેખાબેન સોલંકી નાં પ્રયાસોથી દર્દી ના પરીવારજનો અંગદાન કરવા સંમત થયા હતા. આ અંગદાન થી સિવિલ હોસ્પિટલ ને એક લીવર તેમજ બે કીડની નું દાન મળ્યું સિવિલ સુપ્રીન્ટેન્ડન્ટ ડો રાકેશ જોષી એ વધુમાં જણાવ્યું હતું કે દિલ્હી ખાતે પાંચ નવેમ્બર ના રોજ યોજાયેલ ૧૬ માં ૌૈંઝઝૈં એવોર્ડ સમારંભ માં ઓર્ગન ડોનેશન મા ઉત્કૃષ્ટ કામગીરી બદલ સિવિલ હોસ્પિટલ અમદાવાદને નામાંકીત ક્રિકેટર કપીલદેવ નાં હસ્તે એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે જે સિવિલ હોસ્પિટલ તેમજ રાજયના આરોગ્ય વિભાગ માટે ખુબ ગૌરવ ની વાત છે.

આ અંગદાન થકી સિવિલ હોસ્પિટલ દ્વારા અત્યાર સુધીમાં કુલ ૫૫૮ અંગોનું દાન મળેલ છે. જેના થકી ૫૪૦ વ્યકિતઓને જીવનદાન મળ્યુ છે. આ અંગદાન થી દાનમાં મળેલ બે કિડની તેમજ એક લીવરને સીવીલ મેડીસીટી કેમ્પસની કિડની હોસ્પિટલમાં જરૂરિયાતમંદ દર્દીમાં પ્રત્યારોપણ કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે, સિવિલ હોસ્પિટલમાં અત્યાર સુધીમાં ૩૧૦ કિડની, લીવર - ૧૪૯, ૫૨ હદય ,૩૦ ફેફસા , ૯ સ્વાદુપિંડ , બે નાના આંતરડા , પાંચ સ્કીન અને ૧૧૬ આંખોનું દાન મળ્યું છે



આજ રોજ માન. કેબિનેટ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત સાહેબના અધ્યક્ષ સ્થાને શ્રી રઘુવંશી વાડી, ભાભર ખાતે ‘‘સહકાર સંમેલન’’ કાર્યક્રમમાં સહકારી આગેવાનો તેમજ પદાધિકારીઓ સાથે ઉપસ્થિત રહી આગામી પેટા ચૂંટણીમાં લોકલાડીલા ઉમેદવાર શ્રી સ્વરૂપજી ઠાકોરને પોતાના મતાધિકાર થકી જંગી લીડ સાથે વિજય અપાવી કેસરીયો લહેરાવવા માટે સૌને આહ્વાન કર્યું.

આ પ્રસંગે સાથી મંત્રી શ્રી ભીખુસિંહ પરમાર, બનાસ બેંક ના ચેરમેન શ્રી સવસીભાઈ ચૌધરી સાહેબ, શ્રી પીરાભાઈ ઠાકોર, શ્રી સામનભાઈ, શ્રી કેસુભા રાજપુત, શ્રી બાબુભાઈ ચૌધરી, શ્રી ડી.ડી રાજપુત, શ્રી નંદાજી ઠાકોર, શ્રી એમ.બી પટેલ, શ્રી કનુભાઈ વ્યાસ, શ્રી હરિભાઈ આચાર્ય, નોકાબેન પ્રજાપતિ, સહકારી મંડળીના ચેરમેનશ્રીઓ, મંત્રીશ્રીઓ ૠ સભ્યશ્રીઓ તેમજ સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા

# એપોલો સર્કલ પર કેબલ સ્ટેડ બ્રિજ માટેના ડાયવર્ઝન માટે ૮૦૦ મીટર લાંબો સર્વિસ રોડ પણ બનાવવો પડશે

એપોલો સર્કલ પર કેબલ સ્ટેડ બ્રિજની કામગીરીને પગલે અહીથી પસાર થતાં સવા લાખ વાહનોને ડાયવર્ઝન આપવાની કવાયત ચાલી રહી છે. આ માટે સરદાર પટેલ રીગ રોડ પરથી પસાર થતાં બંને તરફના વાહનોને સર્કલથી ૩૦૦ મીટર દૂરથી ડાયવર્ઝન આપવામાં આવશે. પીકઅવર્સમાં તેનો ટ્રાયલ રન પણ થઈ ગયો છે. આ ઉપરાંત ડાયવર્ઝન માટે ચારે દિશામાં ૮૦૦ મીટર લાંબો સર્વિસ રોડ બનાવવામાં આવશે. ૧૮મી નવેમ્બર બાદ સર્કલનો રસ્તો બંધ કરી દેવાશે અને ડાયવર્ઝન શરૂ કરી દેવાશે.

એપોલો સર્કલ પર ભારે વિલંબ બાદ કેબલ સ્ટેડ બ્રિજનું કામ ફરી શરૂ થવાનું છે ત્યારે અહીથી પસાર થતા વાહનોને ડાયવર્ઝન આપવા સહિતના આયોજન માટે



શનિવારે પાટનગર યોજના વિભાગ, માર્ગ અને મકાન વિભાગ અને મહાપાલિકાના અધિકારીઓને સાથે રાખીને જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમસેટ્ટીએ સાઈટ વિઝિટ કરી હતી. આ સમયે જ પીક અવર્સ દરમિયાન ડાયવર્ઝન માટે નક્કી કરવામાં આવેલા રૂટનો ટ્રાયલ લેવાયો હતો. આ વખતે જણાયું હતું કે ગાંધીનગર- એરપોર્ટ હાઈવે પહોળો હોવાથી ટ્રેલર જેવા મોટા વાહનો પણ સરળતાથી બ્રિજની સાઈટ ફરતેથી પસાર થઈ ગયા હતાં. જેથી હવે આગામી તારીખ ૧૮મી બાદ બ્રિજની બન્ને બાજુએ ડાયવર્ઝન લાગુ કરી દેવા નિર્ણય લેવાયો છે. પરંતુ તેના માટે સર્કલના ચારે ખુણા પર અને ગાંધીનગર-એરપોર્ટ રોડ પર ૮૦૦ મીટર લાંબો સર્વિસ રોડ તાત્કાલીક ધોરણે બનાવવામાં આવશે. આ માટે માર્ગ અને મકાન વિભાગ કામગીરી કરશે. રીગ રોડ પરના વાહનોને ૩૦૦ મીટર જેટલું

# પાટણ નગરપાલિકાનો સ્ટાફ ઓછો હોવા છતાં ૧૫ જેટલા ઓપરેટરોને વોર્ડ ઓફીસોમાં કેવાયસીનાં કામમાં જોતરી દેવાયા

પાટણ શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં હજારો રેશનકાર્ડ ધારકોની ઈ-કેવાયસીની કામગીરી તા. ૩૦-૧૧-૨૪ સુધીમાં પુરી કરવાની ડેડલાઈનને સાચવવા માટે અત્યારે પાટણ નગરપાલિકા, રેવન્યુ અને પંચાયત સહિતના વિવિધ વિભાગોનાં કર્મચારીઓને ખાસ ટ્રેનિંગ આપીને તેઓને અલગ અલગ વિસ્તારોમાં જઈને ઈ કે.વાય.સી.ની કામગીરી પુરી કરવાનું કામ સોંપતાં પાટણ નગરપાલિકા અને મામલતદાર કચેરી સહિતની કચેરીઓમાં અત્યારે સ્ટાફ ઓછો જોવા મળી રહ્યો છે જેથી અન્ય કામગીરીઓ ઠપ થઈ ચુકી છે.પાટણ શહેરનાં ૯૭,૦૦૦ જેટલા રેશનકાર્ડ ધારકો પૈકી હજુ અનેકની ઈ-કેવાયસી કરવાની બાકી છે. જ્યારે પાટણ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોની કુલ ૧,૭૫,૭૮૦ જનસંખ્યામાં ૩૮,૮૪૫ રેશનકાર્ડ ધારકોમાંથી કુલ ૨૨ હજારથી વધુ લોકોની ઈ-કેવાયસી થઈ ગઈ છે ને હજુ ૭૦,૦૦૦ રેશનકાર્ડધારકોની બાકી છે.પાટણ શહેરમાં બાકી રહેતા રેશનકાર્ડ ધારકોની ઈ-કેવાયસીની કામગીરી ઝપી પુરી કરવા માટે પાટણનાં પ્રાંત અધિકારીએ તાજેતરમાં તંત્રવાહકો-કર્મચારીઓની તાકિદે તાલીમ બેઠક બોલાવીને તેઓને આ કામગીરી સોંપી હતી. જે સંદર્ભે પાટણ શહેરનાં રેશનકાર્ડ ધારકોની કેવાયસીનું કામ પાટણ નગરપાલિકાની વિવિધ શાખાઓનાં કોમ્પ્યુટર ઓપરેટર કર્મચારીઓને તાલીમ આપીને સોંપાયું છે ને દરેકને શહેરની છ વોર્ડ ઓફીસો ખાતે બેસાડીને પીડીએસ મોબાઈલ એપ દ્વારા કેવાયસી પ્રક્રિયા કરવા જણાવાયું છે. આ તમામ કામગીરી ઉપર નજર રાખવા નગરપાલિકાનાં અને મામલતદાર કચેરીનાં અધિકારીઓને જવાબદારી સોંપી છે.રેશનકાર્ડ ધારકોની કેવાયસી કરવામાં મોબાઇલ એપમાં સર્વર ડાઉનનાં અને અપડેશનનાં પ્રશ્નો વારંવાર આવી રહ્યા છે. જેથી આ કામગીરી અત્યંત ધીમી ગતિએ થતી હોવાની ફરિયાદો જે તે કર્મચારીઓ દ્વારા તેમનાં ઉપરી અધિકારીઓને સતત મળી રહી છે. આ કામગીરી માટે પાટણ નગરપાલિકાનાં ઓછામાં ઓછા ૧૫ થી વધુ જેટલા કોમ્પ્યુટર ઓપરેટરોને કેવાયસીની કામગીરીમાં જોતરવામાં આવ્યા છે. તેથી તેઓ તા. ૩૦-૧૧-૨૪ સુધી આ જ કામગીરી કરશે. આમ થવાનાં કારણે પાટણ નગરપાલિકાનાં ટાંચા સ્ટાફમાં અત્યારે ઘણો ઘટાડો થઈ ગયો હોવાથી સફાઈ સહિતની મહત્વની શાખાઓની કામગીરીમાં મુશ્કેલીઓ સર્જાઈ રહી છે.અત્રે નોંધનિય છે કે, પાટણનાં નાગરીકોનું ૧૦૦ ટકા ઈકેવાયસી પૂર્ણ કરવા માટે રાજ્યનાં મુખ્ય સચિવનાં નિર્દેશ મુજબ માય રેશન



એપ દ્વારા લાભાર્થી ઘેર બેઠા ફેસ ઓથેન્ટીકેસ નથી અથવા ગ્રામપંચાયત ખાતે ઇ ગ્રામ સેન્ટરમાં વી.સી.ઈ.દ્વારા વેબ બેઈઝડ મારફત અથવા પાટણ જિલ્લા શહેરનાં અધિકારી-કર્મચારી, વી.સી.ઈ.આચાર્ય, શિક્ષકો પીડીએસૠમોબાઈલ એપ્લીકેશનનાં મોડ્યુલમાં કરવામાં આવી રહ્યું છે. રેશનકાર્ડ ધારકોનાં ઈકેવાયસીની કામગીરી દરમ્યાન આધાર અપડેશન બાબતે પ્રશ્નો આવી રહ્યા હોવાથી શહેરની અલગ અલગ કચેરીઓનાં અધિકારીઓ - કર્મચારીઓને તથા વ્યાજબીભાવનાં દુકાનદારોને આ કામગીરીની માહિતી અને તાલીમ આપવા તા.૭મીનાં રોજ એક કલાકની તાલીમ અપાઈ હતી.

# ઉ.ગુજરાતમાંથી હજારોની સંખ્યામાં લોકો તર્પણ વિધિ માટે સરસ્વતી નદી ઘાટ ખાતે ઉમટ્યા

સિદ્ધપુર સરસ્વતી નદી ભરાતા કાત્યોકના મેળામાં લોકો ધાર્મિક વિધિ માટે આવતા હોય છે. ત્યારે આ વર્ષે મેળો શરૂ થાય તે પહેલાં હજારોની સંખ્યામાં યાત્રિકો ધાર્મિક વિધિ કરવા માટે ઉમટ્યા હતા. જેને લઈ એક તરફ મેળાની તૈયારીઓ ચાલી રહી છે. ત્યારે બીજી તરફ ઉત્તર ગુજરાતમાં વિવિધ વિસ્તારોમાંથી શ્રદ્ધાળુઓ તર્પણ વિધિ કરવા માટે ઉમટી પડ્યા હતા.સિદ્ધપુર સરસ્વતી નદીમાં દરવર્ષે કારતક માસમાં કાર્તિકી પૂર્ણિમાનો મેળો ભરાય છે. જેમાં મોટી સંખ્યામાં લોકો ધાર્મિક વિધિ કરવા માટે આવતા હોય છે. ત્યારે આ વર્ષે તા.૧૪ નવેમ્બરથી તા.૨૦ નવેમ્બર દરમિયાન કાર્તિકી પૂર્ણિમાનો મેળો યોજાશે. જોકે આ વર્ષે કાર્તિકી પૂર્ણિમાના મેળાનો ટ્રેન્ડ બદલાયો હોય તેવું જોવા મળી રહ્યું છે. જેમાં કાત્યોકનો મેળો શરૂ થાય તે



અગાઉ જ બનાસકાંઠા સહિતના ઉત્તર ગુજરાતમાંથી હજારોની સંખ્યામાં લોકો સરસ્વતી નદીમાં તર્પણ વિધિ કરવા માટે ઉમટી રહ્યા છે. જેમાં તર્પણ વિધિ કરવા આવતા યાત્રિકોએ જણાવ્યું હતું કે મેળા દરમિયાન ટ્રાફિક અને ભીડ વધુ રહેતી હોય છે જેને લઈ હેરાન-પરેશાન ન થવું પડે તે માટે જ અત્યારથી ધાર્મિક વિધિ કરવા માટે આવવું પડે છે.માતૃગયા તીર્થ સિદ્ધપુર ખાતે કારતક માસમાં લોકો દૂર દૂરથી પોતાના સ્વજનોના મોક્ષ માટે સરામણ વિધિ કરાવવા માટે આવતા હોય છે ત્યારે કારતક સુદ સાતમથી સવારથી લોકોનો ધસારો શરુ થયો છે. દર વર્ષે દરરોજ અંદાજે ૫ હજારથી વધુ લોકો તર્પણ માટે આવે છે. યજમાન બ્રાહ્મણો માધુપાવડીયા ઘાટે મંડપ નીચે વિધી કરાવતા જોવા મળી રહયા છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.